# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

***************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, આતંકવાદીઓને આશરો આપતા તેમજ તેને માફ કરતા દેશોને આંતરરાષ્ટ્રીય સમુદાયે અલગ પાડવા જોઇએ.
- ✓ ભારત અને ચીનના વિદેશમંત્રીઓએ સરહદી મુદ્દાઓ અંગે અસ્તાનામાં આજે દ્વિપક્ષીય મંત્રણા કરી.
- ✓ નીતિ આયોગે આજથી ત્રણ મહિનાના સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કર્યો.
- ✓ કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય હરિત હાઇડ્રોજન અભિયાન હેઠળ ધારાધોરણોનો વિકાસ પરિક્ષણ અને સંસ્થાકીય સમર્થન માટેની માર્ગદર્શિકા જારી કરી.
- ✓ NCRT એ નવા સત્રથી ધોરણ ત્રણ અને ધોરણ છ માટે નવા તેમજ વધુ આકર્ષક પુસ્તકો અમલમાં મૂક્યા.
- ✓ એનઆરઆઇ તેમજ ભારતીય પર્યટકો હવે યુએઇમાં પીઓએસ મશીન દ્વારા ક્યુઆર કોડના માધ્યમથી યુપીઆઇ ચૂકવણી સેવાનો ઉપયોગ કરી શકશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV: PM-REMARK SCO

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, કોઇપણ સંજોગોમાં આતંકવાદનું સમર્થન કરી શકાય નહીં અને આતંકવાદીઓને આશરો આપતા તેમજ આતંકવાદને માફ કરવાનું વલણ ધરાવતા દેશોને આંતરરાષ્ટ્રીય સમુદાયે અલગ પાડવા જોઇએ.**

તેમણે આતંકવાદને મળતી આર્થિક મદદ અને આતંકવાદીઓ તરીકે યુવાનોની થતી ભરતીને રોકવા અસરકારક પગલાં લેવા ઉપર ભાર મૂક્યો હતો.

કઝાકસ્તાનના અસ્તાનામાં યોજાઇ રહેલી શાંધાઇ સહકાર સંસ્થા – એસસીઓની બેઠકમાં અપાયેલા સંદેશમાં શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરહદપારના આતંકવાદનો નિર્ણાયક પ્રતિભાવ આપવો જરૂરી છે. પ્રધાનમંત્રીએ એસસીઓના અધ્યક્ષપદેથી ભારતે યોજેલા એસસીઓ ફિલ્મ મહોત્સવ, એસસીઓ સુરજકુંડ હસ્તકળા મેળો, જાડા ધાન્યનો ઉત્સવ જેવી પહેલોને મળેલા સમર્થન માટે આભાર વ્યકત કરી આ પ્રકારની અન્ય પહેલોને ભારત સમર્થન આપશે. તેમ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, વિવિધ દેશોના લોકો મળે, પ્રગતિ સાધે તે માટે એસસીઓ સંસ્થા યોગ્ય મંચ પૂરો પાડે છે.

એસસીઓની બેઠકમા ભાગ લઇ રહેલા વિદેશમંત્રી એસ.જયશંકરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આ સંદેશ રજૂ કર્યો હતો.

## JAISHANKAR-CHINA-FM

ભારત અને ચીનના વિદેશમંત્રીઓએ સરહદી મુદ્દાઓ અંગે અસ્તાનામાં આજે દ્વિપક્ષીય મંત્રણા કરી છે.

વિદેશમંત્રી એસ.જયશંકર અને ચીનના વિદેશમંત્રી વાન યી એ સરહદને લગતા મુદ્દાઓનો રાજદ્વારી અને ચર્ચા વડે ઉકેલ મેળવવા ઉપર ભાર મૂક્યો છે. શ્રી જયશંકરે કહ્યું કે, વાસ્તવિક નિયંત્રણ રેખાને માન્ય રાખવી અને સરહદી વિસ્તારોમાં શાંતિની જાળવણી આવશ્યક છે. તેમણે કહ્યું કે, પરસ્પર આદર, સંવેદનશીલતા અને બંનેના હીતના માર્ગે જ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનશે.

## PLASTIC CONCLAVE

પ્લાસ્ટીકના પુનઃઉપયોગ અને પ્લાસ્ટીક અંગેના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનો આજથી નવી દિલ્હીમાં આરંભ થયો છે. ચાર દિવસ સુધી ચાલનાર આ પ્લાસ્ટીક

સંમેલન અને પ્રદર્શનનું ઉદઘાટન કેન્દ્રિય રસાયણ વિભાગના સચિવ નિવેદિતા શુકલ વર્માએ કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય કક્ષાનું આ સંમેલન અને પ્રદર્શન આ ક્ષેત્રના સ્ટાર્ટઅપ અને ઉદ્યોગપતિઓને નવા ઉત્પાદનો રજૂ કરવાની તેમજ પ્લાસ્ટીક ઉદ્યોગમાં ટકાઉપણું પ્રાપ્ત કરવા અંગે ચર્ચાની તક પૂરી પાડશે.

પ્લાસ્ટીક અંગેના પ્રદર્શનમાં આ ક્ષેત્રની મશીનરીના ઉત્પાદકો દ્વારા વિવિધ અદ્યતન મશીનો, કાચો માલ તેમજ નવકલ્પના આધારિત સ્ટાર્ટઅપના પ્રયાસો દર્શાવવામાં આવ્યા છે.

## SAPURNTA ABHIYAN

નીતિ આયોગે આજથી ત્રણ મહિનાના સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ ઝુંબેશ અંતર્ગત નક્કી કરાયેલા મહત્વકાંક્ષી જિલ્લાઓ અને વિસ્તારોમાં છ મુખ્ય સૂચકાંક હાંસલ કરવાનો લક્ષ્યાંક છે. આ સૂચકાંકોમાં આરોગ્ય, પોષણ, કૃષિ, શિક્ષણ અને રોજગાર સમેલ છે. 30 ઑક્ટોબર સુધી ચાલનારા અભિયાન અંતર્ગત 112 જિલ્લાઓ તેમજ 500 બ્લૉકમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે.

ઝુંબેશ અંતર્ગત નીતિ આયોગ કેટલાક કાર્યોની યાદી જિલ્લાઓ અને બ્લૉકમાં ઉપલબ્ધ કરાવશે, જેને જે – તે જિલ્લામાં અમલી બનાવાશે. આ ઉપરાંત ઝુંબેશને ઝડપી બનાવવા તેમજ લોકભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે નિયમિત રૂપે લોક સંપર્કનું આયોજન કરાશે.

## FUR REV. MODI- CRICKET TEAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 ઓવરની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધા જીતનાર ભારતીય ટીમના ખેલાડીઓને નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને આવકાર્યા હતા અને તેમની સાથે સંવાદ કર્યો હતો.

સોશિયલ મિડિયામાં પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની યાદગાર ઘટનાઓ અંગે તેમણે ખેલાડીઓ સાથે વાતચીત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, વિશ્વકપ સ્પર્ધા જીતીને સ્વદેશ પાછા ફરેલા ભારતીય ક્રિકેટ ટીમનું ક્રિકેટરસિકો અને અન્યો દ્વારા દિલ્હીના વિમાનમથકે આજે સવારે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સ્વદેશ પાછા ફરેલા ખેલાડીઓને ક્રિકેટના રસિકોએ ઢોલનગારા અને નૃત્યો દ્વારા સ્વાગત કર્યું હતું. સૂકાની રોહિત શર્માએ વિમાનમથકેથી હોટલ પહોંચ્યા બાદ ખાસ કેક કાપીને વિજયની ઉજવણી અન્ય ખેલાડીઓ સાથે કરી હતી.

## REV-EVE-JHARKHAND-NEW-CM-OATH

ઝારખંડ મુક્તિ મોરચા – જેએમએમના કાર્યકારી અધ્યક્ષ હેમંત સોરેને ઝારખંડના નવા મુખ્યમંત્રી તરીકે આજે શપથ લીધા છે. રાજયપાલ સી.પી.રાધાકૃષ્ણને રાજભવન ખાતે યોજાયેલા શપથવિધિ કાર્યક્રમમાં શ્રી સોરેનને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કથિત મની લોન્ડરીંગ કેસમાં વડી અદાલતે જામીન મંજૂર કર્યા બાદ શ્રી સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે ત્રીજી વાર શપથ લીધા છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## GREEN-HYDROGEN-MISSION-GUIDELINES

કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય હરિત હાઇડ્રોજન અભિયાન હેઠળ ધારાધોરણોનો વિકાસ પરિક્ષણની અને માળખાકીય સુવિધાઓ, નિયમનકારી તંત્ર તેમજ સંસ્થાકીય સમર્થન માટેની માર્ગદર્શિકા જારી કરી છે.

કેન્દ્રિય પુનઃપ્રાપ્ય ઉર્જામંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, નાણાંકીય વર્ષ 2025-26 સુધી આ અભિયાન 200 કરોડ રૂપિયાના અંદાજપત્રીય ખર્ચ સાથે અમલમાં મૂકાશે. સૂર્ય ઉર્જા માટેની રાષ્ટ્રીય સંસ્થા આ યોજના હેઠળ કોમ્પોનન્ટના પરિક્ષણ માટેની વર્તમાન વ્યવસ્થામાં રહેલી ખામીઓને દૂર કરવી. અદ્યતન ટેકનોલોજીને અપનાવવી અને ગ્રીન હાઇડ્રોજન માટેની ચેઇનની પ્રોસેસમાં રહેલી ખામીઓ દૂર કરશે.

એવી જ રીતે ગ્રીન હાઇડ્રોજન અભિયાન હેઠળ નવી પરિક્ષણની સુવિધાઓ વિકસાવવામાં આવશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, નાણાંકિય વર્ષ 2029-30 સુધી 19 હજાર 700 કરોડ રૂપિયાના અંદાજપત્રીય ખર્ચ સાથે ગયા વર્ષના જાન્યુઆરી મહિનામાં રાષ્ટ્રીય હરિત હાઇડ્રોજન મિશનનો આરંભ કરાયો છે. આ અભિયાન દેશને પર્યાવરણને અનૂકૂળ ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં ઉપયોગી થશે.

## PRADHAN-NCERT TEXTBOOKS

રાષ્ટ્રીય શિક્ષણ સંશોધાન અને તાલીમ પરિષદ - NCRT એ નવા સત્રથી ધોરણ ત્રણ અને ધોરણ છ માટે નવા તેમજ વધુ આકર્ષક પુસ્તકો અમલમાં મૂક્યા છે. શિક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ નવા પુસ્તકોને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. ધોરણ ત્રણ અને છ માટેના 9 જેટલા પુસ્તકો અગાઉથી જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. બાકીના 8 પુસ્તકો આગામી ટૂંક સમયમાં ઉપલબ્ધ બનશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા પરિષદના નિદેશક, NCRTના નિદેશક તેમજ કેન્દ્રીય માધ્યમિક શિક્ષા બોર્ડ અધ્યક્ષ સાથે વિસ્તૃત સમીક્ષા કરી હતી.

મંત્રાલયે કહ્યું છે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત બાળકો માટે વાજબી કિંમતે ઉચ્ચ ગુણવત્તાના એવા પુસ્તકો ઉપલબ્ધ કરાવવોનો હેતુ છે, જેથી બાળકો હળવી શૈલીમાં તણાવ મુક્ત રીતે જ્ઞાન મેળવી શકે. ઉલ્લેખનીય છે કે NCRT શાળા શિક્ષણ માટેનાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા અંતર્ગત ધોરણ એકથી બાર સુધીના પુસ્તકોને નવેસરથી તૈયાર કરી રહ્યું છે.

## UK GENERAL ELECTION

બ્રિટનમાં આજે સામાન્ય ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. ભારતીય સમય અનુસાર સાડાબાર વાગ્યા આસપાસ મતદાનની શરૂઆત હતી,

આવતીકાલે બપોરે 3 વાગ્યા સુધી ચાલશે. બ્રિટનના પ્રધાનમંત્રી રિષિ સુનકે યોર્કશાયરમાં મતદાન કર્યું હતું.

આવતીકાલે મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરીની શરૂઆત થશે. 1945 બાદ આ પહેલી એવી ચૂંટણી છે, જેમાં મતદાન સમયે ફોટો ઓળખપત્ર રજૂ કરવું ફરજિયાત છે. આ ચૂંટણીમાં અંદાજે સાડા 4 કરોડથી વધુ નાગરિકો પોતાના મતાધિકારનો ધરાવે છે.

## UPI-UAE

સંયુક્ત આરબ અમિરાતમાં રહેતા બિન નિવાસી ભારતીય – એનઆરઆઇ તેમજ ભારતીય પર્યટકો હવે યુએઇમાં પોઇન્ટ ઓફ સેલ મશીન દ્વારા ક્યુઆર કોડના માધ્યમથી યુપીઆઇ ચૂકવણી સેવાનો ઉપયોગ કરી શકશે. ભારતીય રાષ્ટ્રીય ચૂકવણી નિગમના આંતરરાષ્ટ્રીય ચૂકવણી લિમિટેડ NIPL એ આંતરરાષ્ટ્રીય નેટવર્ક સંસ્થા સાથે મળીને યુએઇમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવી છે.

ભારતીય નાગરિકો યુએઇની છુટક વેચાણ સંસ્થાઓ, પરિવહન અને સુપરમાર્કેટ ખાતે સરળતાથી ચૂકવણી કરી શકે તે માટે યુએઇમાં બે લાખથી વધુ પોઇન્ટ ઓફ સેલ મશીનો કાર્યરત કરાયા છે.

## PUDUCHERRY-FRENCH-ELECTIONS

કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી અને તમિળનાડુ તેમજ કેરળમાં રહેતા ફ્રાન્સના નાગરિકો આગામી 7મી જુલાઇએ યોજાનારી ફ્રાન્સની નેશનલ એસેમ્બલીના બીજા તબક્કાની ચૂંટણીમાં મતદાન કરશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં ગત 30મી જૂને પુડુચેરીમાં વસતા ફ્રાન્સના કેટલાક નાગરિકોએ મતદાન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પુડુચેરી સહિત દક્ષિણ ભારતના સંબંધિત વિસ્તારોમાં ફ્રાન્સના ચાર હજાર 535 નાગરિકોની મતદાર તરીકે નોંધણી કરવામાં આવી છે.

## EVE.-IMD-WEATHER

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં આગામી 48 કલાકમાં જયારે પશ્ચિમ અને ઇશાન ભારતમાં આગામી ચાર-પાંચ દિવસ દરમ્યાન કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. ઉત્તર ભારતના જમ્મુ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના વિસ્તારોમાં વરસાદની સ્થિતિ આગામી 3 દીવસ સુધી યથાવત રહે તેવી સંભાવના દર્શાવે છે. એવી જ રીતે મહારાષ્ટ્ર અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી 48 કલાકમાં કેટલાક સ્થળોએ અતિભારે વરસાદ થઇ શકે છે.